RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૮૧ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૦–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)કિરણ ઈન્ડ.પ્રા.લિ.,એ.પી. માર્કેટ પાછળ, ઉધના સુરતને, સુ.મ.ન.પા. ધ્વારા આપવામાં આવેલ પાણીના કનેકશનો તથા ગટર ડ્રેનેજના જોડાણોની સંપૂર્ણ વિગતવાર માહિતી તથા આ સંસ્થા ધ્વારા આપની પરવાનગી વગર જ આપના ડ્રેનેજ તથા પાણીની લાઈનમાં પોતાની મનમાનીથી ભૂતિયા જોડાણો કરેલ/જોડેલ હોય તો તે અંગેની તથા આ બાબતને લગતા જે તે અધિકારીઓના નામ,હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૧/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૦–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) કિરણ ઈન્ડ. પ્રા.લિ. , એ. પી. માર્કેટ પાછળ, ઉધના સુરતને, સુ.મ.ન.પા. ધ્વારા આપવામાં આવેલ પાણીના કનેકશનો તથા ગટર ડ્રેનેજના જોડાણોની સંપૂર્ણ વિગતવાર માહિતી તથા આ સંસ્થા ધ્વારા આપની પરવાનગી વગર જ આપના ડ્રેનેજ તથા પાણીની લાઈનમાં પોતાની મનમાનીથી ભૂતિયા જોડાણો કરેલ/જોડેલ હોય તો તે અંગેની તથા આ બાબતે લગતા જે તે અધિકારીઓના નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે કોઈપણ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ** વધુમાં મુદ્દા નં.૪ અંગે અરજદાર સિવાયની કોઈની અરજી રજુઆત કે ફરીયાદ છે કે કેમ ? તે અંગે કલમ–૧૧હેઠળની પ્રક્રિયા અનુસરેલ કે કેમ ? પૂર્તતા સહ વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૧ તા.૩–૨–૧૨ થી . એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો મળ્યા બાદ નારાજગી અંગે તેમનો પક્ષ રજૂ કરવા સાથે મુદ્દા નં.૪ અંગે અન્ય વ્યકિત દ્રારા થયેલ ફરીયાદ અરજીઓની માંગણી અંગે કલમ–૮(૧) (એચ) તથા (આઈ)ના સંદર્ભે તથા કલમ–૧૧ સંદર્ભે જાહેર હિતની અગત્યતા આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૭૯૮ તા.૨૨–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/૬૬૫ તા.૧૩–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૯–૨–૧૨ ના રોજનો પૂરક પત્ર તથા જાહેર માહિતી તરફથીપત્ર નં.સા.ઝોન/૬૬૫ તા.૧૩–૧–૧૨ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૧૨–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) કિરણ ઈન્ડ.પ્રા.લિ.,એ.પી. માર્કેટ પાછળ, ઉધના સુરતને, સુ.મ.ન.પા. ધ્વારા આપવામાં આવેલ પાણીના કનેકશનો તથા ગટર ડ્રેનેજના જોડાણોની સંપૂર્ણ વિગતવાર માહિતી તથા આ સંસ્થા ધ્વારા આપની પરવાનગી વગર જ આપના ડ્રેનેજ તથા પાણીની લાઈનમાં પોતાની મનમાનીથી ભૂતિયા જોડાણો કરેલ/જોડેલ હોય તો તે અંગેની તથા આ બાબતે લગતા જે તે અધિકારીઓના નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૫ તા.૧૩–૧–૧૨ થી નિયત

સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) કિરણ ઈન્ડ.પ્રા.લિ.,એ.પી. માર્કેટ પાછળ, ઉધના સુરતને, સુ.મ.ન.પા. ધ્વારા આપવામાં આવેલ પાણીના કનેકશનો તથા ગટર ડ્રેનેજના જોડાણોની સંપૂર્ણ વિગતવાર માહિતી તથા આ સંસ્થા ધ્વારા આપની પરવાનગી વગર જ તેમના ડ્રેનેજ તથા પાણીની લાઈનમાં પોતાની મનમાનીથી ભૂતિયા જોડાણો કરેલ/જોડેલ હોય તો તે અંગેની તથા આ બાબતે લગતા જે તે અધિકારીઓના નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કિરણ ઈન્ડ. પ્રા.લી. એ.પી. માર્કેટ પાછળ ઉધના સુરતનાનું પાણીનું કનેકશન તા.૨૫–૧૧–૦૩ થી ૧૧/૨" વ્યાસનું નિયમાનુસાર મંજુર થયેલ હતું તથા ડ્રેનેજ કનેકશન તા.૨૬–૧૦–૧૧ થી મંજુર કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) તથા આ સંસ્થા વિરુધ્ધ આજ સુધી તેમના ધ્વારા થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી તથા કાર્યવાહી કરનાર જે તે અધિકારીના નામ હોદ્દા સહિતની માહિતી. મુદ્દા નં.(૩) આ સંસ્થા શરૂ થઈ ત્યારથી તેઓના જોડાણો ડ્રેનેજ/પાણીની વિગતવાર માહિતી તથા તે સંસ્થા વિરુધ્ધ થયેલ કાર્યવાહી /ભરાવેલ દંડ આપેલ નોટીસ વગેરેની નકલ સહિત સંપૂર્ણ માહિતી. (૪) આ સંસ્થા વિરુધ્ધ આવેલ અરજીઓ તથા થયેલ કાર્યવાહી તથા તૌના માટે આવેલ ભલામણ સહિતની માહિતી. મુદ્દા નં.૨,૩,૪ બાબતે ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં આવી કોઈ માહિતી દસ્તાવેજ ઉપલબ્ધ જણાયેલ નથી. જે અંગે અરજદારે પૂરક વિગતોમાં મુદ્દા નં.૨,૩ અને ૪ ની માહિતી છુપાવેલ હોવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી સમય અવધિમાં પૂરી પાડવામાં આવેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૨૦–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં મુદ્દા નં.૨,૩ અને ૪ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરપાઈ કરી આપેલ માહિતિની ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,